SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-3, April-May-June : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com/

# શિક્ષણમાં ધર્મ કે ધર્મમાં શિક્ષણ

## (કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, ઉમાશંકર જોશી અને સુરેશ જોશીના સંદર્ભે)

*પટેલ પરખાભાઈ એલ.*

મહાભારતમાં દુર્યોધન કહે છે કે 'ધર્મ શું છે એ હું જાણું છું, અધર્મ શું છે તે જાણું છું. છતાં ધર્મને આચરી શકતો નથી અને અધર્મ છોડી શકતો નથી.' આજે સમાજના મોટા ભાગના માણસોની હાલત દુર્યોધન જેવી છે. તેઓ સમાજના અને ધર્મના જડ બંધનોમાં એવી રીતે ખૂંપી ગયા છે કે સત્યરૂપી ધર્મને જાણતા હોવા છતાં તેનાથી દૂર ભાગે છે અને અધર્મને વળગી રહે છે. ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું છે કે સત્ય એ જ ધર્મ છે. પરંતુ સત્ય એ કડવું અને પોતાની ઈચ્છા મુજબનું ન હોવાથી તે વ્યક્તિ સ્વીકારવા તૈયાર નથી. આજે દરેક વ્યક્તિ ઈચ્છે છે કે પોતાની સાથે સત્ય ધર્મનું આચરણ થાય પરંતુ પોતે સત્યનું આચરણ કરતાં દૂર ભાગે છે. ધર્મનું કામ પ્રજામાં સંસ્કારોરૂપી કેળવણીનું સિંચન કરવાનું છે. કેળવણી અને ધર્મ એકબીજા સાથે જોડાયેલાં છે.

ઉમાશંકર જોશી માને છે કે આપણે જે કેળવણી આપીએ છીએ તેમાં શુદ્ધ ધર્મ હોવો જોઈએ. જ્યારે કાકાસાહેબ કહે છે કે શુદ્ધ ધર્મના આચરણ દ્વારા જ સાચી કેળવણી આપી શકાય છે. કકસાહેબના માટે મોટાભાગના ધર્મોનો ઉદભવ મધ્યકાલીન-અંધકાર યુગમાં થયો છે. તે સમયની જીવન જરૂરીયાતો અને શૈલી તથા અત્યારની જીવન જરૂરીયાતો અને શૈલીમાં મોટો તફાવત જોવા મળે છે. એટલે સમય અને જરૂરિયાત મુજબ પરિવર્તન ન પામનારા ધર્મો આજે સફળ નીવડ્યા નથી. ધર્મ દ્વારા જો લોકોનો ઉદ્ધાર કરવો હોય તો પ્રથમ આજના યુગને અનુલક્ષીને ધર્મને વિશુદ્ધ કરવો અત્યંત જરૂરી છે. ધર્મની સમાજ પર પકડ હોવાથી ધર્મના આડંબર વગરના વિચારો ગમે એટલા સારા હોય તોપણ લોકો સ્વીકારવા તૈયાર નથી. એટલે જો સમાજને સાચા અર્થમાં શિક્ષિત કરવો હોય તો ધર્મનું કામ સંતો અને કેળવણીકારોએ હાથમાં લેવું જોઈએ. સ્થાપિત હિતોના હાથમાંથી ધર્મને છોડાવવો જોઈએ. કેટલાક ધર્મનો ઓઠો લઈ બેઠેલા તત્ત્વો સાચો ધર્મ શું છે તે વ્યક્તિને સમજાવવા માગતા નથી. જો દરેક વ્યક્તિ સાચો ધર્મ શું છે તે જાણી જાય તો ધર્મના નામે ચાલતી હાટડીઓ બંધ થઈ જાય. આજે અનેક ધર્મો અને તેમના સંપ્રદાયો દ્વારા ધર્મના નામે વર્ગ-ભેદ, સ્વર્ગ-નરક અને પાપપુણ્યનો ભય બતાવી સમાજને નમાલો બનાવી દીધો છે. આજનો ધર્મ એ ન્યાતો અને જ્ઞાતિઓ પર ટકેલો હોવાથી તે માત્ર પરણવાની સગવડો અને ખાનપાનની વ્યવસ્થા જ પૂરી પાડે છે. નીતિધર્મ કરતાં એ ટોળાંધર્મને વધુ મહત્ત્વ આપે છે. સાચી ધાર્મિક દૃષ્ટિ માત્ર પુસ્તકોથી નહિ, પરંતુ ઇચ્છાશક્તિ, ધગશ, શ્રદ્ધા, વૈરાગ્ય અને ચારિત્ર્ય દ્વારા મેળવી શકાય છે.

કાકાસાહેબે સ્પષ્ટ કહ્યું છે કે બંધારણમાં કે સત્તામાં બધા ધર્મોના શંભુમેળાને બદલે એક મુખ્ય રાજધર્મ હોવો જોઈએ. જો બંધારણમાં એક જ રાજધર્મ હોય, સત્તાપ્રાપ્તિ કે સત્તા ટકાવી રાખવા અન્ય ધર્મોને છાવરવાના ન હોય તો તે ઇષ્ટફળ આપી સમાજને પ્રગતિના પંથે લઈ જાય છે. કિશોરલાલ મશરૂવાળાએ વિનય, વિવેક, સદાચાર અને સંયમને જ રાજધર્મ માણ્યો છે. ભગવાન બુદ્ધે પણ એ જ કહ્યું છે કે “મને પરંપરાગત માની અનુસરસો નહિ, પરંતુ તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તો જ સ્વીકાર કરજો.”(જીવનશોધન પૃ. નં. 3) આપણા ધર્મગ્રંથોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ ગણવામાં આવ્યા છે. પરંતુ કિશોરલાલ મશરૂવાળાએ ચોથો પુરુષાર્થ મોક્ષને નહિ, પણ જ્ઞાનપ્રાપ્તિને ગણાવ્યો છે. તેઓ કહે છે કે જ્ઞાનપ્રાપ્તિ એટલે જીવન અને ધર્મનું શોધન સતત કરતા રહેવું જોઈએ. શોધન એટલે જે નથી જાણ્યું તે જાણવું અને જે જાણ્યું છે તેને સુધારવું.

"ધર્મના સર્વ મહાન ગ્રંથોની ખાસિયત એવી હોય છે કે ગ્રંથોમાં ચર્ચેલા વિષયો કદી જૂના થતા નથી."(ગીતામંથન પૃ. નં. 01) કિશોરલાલ કહે છે કે ધર્મના મૂળ ગ્રંથો જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે. જ્યારે કાકાસાહેબ કહે છે કે ધર્મને પણ સમય અને સંજોગો અનુસાર ફેરફાર કરવો પડે છે. "દરેક સુધરેલા સમાજની આસપાસ સંસ્કારોમાં પછાત અને જીવનસિદ્ધિમાં કંઈક હારેલા એવા આરણ્યક લોકોની અથવા બહિષ્કૃત લોકોની જમાતો હોય જ છે."(જીવનસંસ્કૃતિ પૃ. નં. 09) આ આરણ્યક અને બહિષ્કૃત લોકો પણ સાચા ધર્મ સાથે જોડાય ત્યારે તે ધર્મ સાર્થક ગણાય. કાકાસાહેબે તો લોકધર્મ, જીવનધર્મ, દેશધર્મ, ક્ષાત્રધર્મ, વર્ણધર્મ, વીરધર્મ, મજૂરધર્મ, સત્યધર્મ એમ અનેક ધર્મોની અગત્યતા જણાવી છે. દરેક વ્યક્તિ પોતાનાં કર્મને જ ધર્મ માની લેશે ત્યારે અલગથી ધર્મનું આચરણ કરવાની જરૂર રહેશે નહિ. સમાજમાં ડાહ્યાઓનો એક વર્ગ આપોઆપ ઉત્પન્ન થાય છે અને સામાન્ય વ્યવસાયમાંથી તે મુક્ત રહે છે; તે જ પ્રમાણે મંદબુદ્ધિ અને મહત્ત્વકાંક્ષાના કારણે બતાવેલું ચીંધેલું કરીને જીવવામાં જ સમાધાન માનનારો એક વર્ગ રહે છે. કેટલાક સ્વાર્થી લોકોએ તેમને યોગ્ય તક મળવા દીધી નથી જેથી તેમનો બેશુમાર વધારો થયો છે, કાકાસાહેબે સમાજમાં બે પ્રકારના અશ્પૃશ્ય વર્ગોની વાત કરી છે- "એક અંત્યજો અને બીજા અગ્રજો. જેમ દલિતો અશ્પૃશ્ય છે તેમ શંકરચાર્યો પણ અશ્પૃશ્ય છે, બંનેની પંગતે આપણે જમતા નથી."(જીવનસંસ્કૃતિ પૃ. નં. 524) હવે જોઈએ તો મોટા ભાગના કેળવણીકારો આ બે વર્ગ સિવાય ત્રીજા વર્ગમાંથી આવે છે; તેઓ એક વર્ગને અશ્પૃશ્ય ગણે છે અને બીજો વર્ગ તેમને અશ્પૃશ્ય ગણે છે. ધર્મમાં આ જડ ઊંડી પેસી ગઈ છે એટલે તેનો તાત્કાલિક ઉપાય શક્ય નથી. એટલે જયાં સુધી ધર્મ શુદ્ધ ન થાય ત્યાં સુધી શુદ્ધ કેળવણી આપવી મુશ્કેલ છે.

સારા જગતની પ્રતિષ્ઠા ધર્મ ઉપર -ઓછામાં ઓછું નીતિના કડક નિયમો ઉપર- થયેલી છે. એ જ ધર્મના પાયામાં આજે અનહદ સડો વ્યાપી ગયો છે. આપણા દેશની મહાન સંસ્કૃતિમાં પણ આજે ભયાનક સડો વ્યાપી ગયો છે. ઉમાશંકર જોશી કહે છે કે આપણા ધર્મની મહાનતા ધર્મગ્રંથો કે ધર્મપુરુષોને કારણે નથી, પણ આખોય જનસમાજ માણસાઈની અમુક હદથી ક્યારેય નીચે ઉતર્યો નથી તેના પર રહેલી છે. અનેક સુખદુ:ખ, આર્થિક વિષમતાઓ અને સામાજિક ભીષણતાઓ જોવા છતાં, પોતાના આત્મબળને સાબૂત રાખી શક્યો છે. "દેશની ધર્મ સમૃદ્ધિ બેચાર બ્રહ્મજ્ઞાનીઓથી નહિ પણ સમગ્ર પ્રજાની ધાર્મિક વર્તણૂકથી મપાય."(જગત-રંગ પૃ. નં. 34) આજે ધર્મ ખોખલો બની સમાજના કેટલાક સ્વાર્થી લોકોના હાથમાં આવી ગયો છે. જે ગંગા સીમિત લોકોને પાણી આપે અને સમગ્ર મેદાનને ફળદ્રુપ ના બનાવે તેને ગંગા ના કહેવાય. તેમ અમુક લોકોનું હિત ઈચ્છે અને મોટા સમાજની અવગણના કરે તેને ધર્મ ના કહેવાય. સામાન્ય સમાજનું આત્મિક ગૌરવ વધારે એવા ધર્મની આજે આવશ્યકતા છે. જો ધર્મનું આપણે રક્ષણ કરીશું તો ધર્મ આપણું રક્ષણ કરશે. આપણે જે કેળવણી આપી છીએ તેમાં વિશુદ્ધ ધર્મ હશે તો જ તેના મૂળિયાં સમાજમાં ઊંડા ઉતરશે.

સુરેશ જોશીએ પણ કાકાસાહેબ અને ઉમાશંકર જોશીની જેમ રાષ્ટ્રીય કેળવણી કરતાં શુદ્ધ કેળવણી પર ભાર મૂક્યો છે. કેળવણી સાથે જેને નાવાનિચોવાનોય સંબંધ નથી તેમને કેળવણી ક્ષેત્રમાંથી દૂર કરવા જોઈએ. જેઓ ખરેખર કેળવણી આપવા માગે છે અને કેળવણીધર્મ પાછળ પોતાનું જીવન ન્યોછાવર કરવા માંગે છે તેમના હાથમાં કેળવણી અને વિદ્યાપીઠોનું સંચાલન સોંપવું જોઈએ. સત્તા અને સ્થાપિત હિતોને કેળવણીથી દૂર રાખવાં જોઈએ. ઉમાશંકર કહે છે કે નીતિ હોય કે અનીતિ દરેકમાં સ્વાર્થ મુજબ ધર્મનો આશરો લેવાય છે. ચોર લોકો પણ પ્રામાણિકતાનો ધર્મ નિભાવે છે. પરંતુ આવો સગવડિયો ધર્મ પોતાના સ્વાર્થ પૂરતો સીમિત રહે છે. હિંમત, શ્રદ્ધા, આધ્યાત્મિકતા અને નીતિમતાનો અભાવ એ આજના ધર્મ અને સમાજના રોગનું મૂળ છે. જેઓ રોજરોજ પોતાની જાતની નવરચના કરી પૂર્ણતા તરફ ગતિ કરવા તત્પર છે તે લોકો જ સમાજ અને ધર્મની નવરચના કરી શકે છે.

કિશોરલાલ કહે છે કે ધર્મ અને કેળવણીમાં વિવેક એ પ્રધાન ગુણ છે. વિવેક એ ધર્મને ધર્મ કે અધર્મ ઠરાવનારો, અયોગ્ય અને યોગ્યનો ભેદ કરનારો, નીતિ અને અનીતિને સ્પષ્ટ કરનારો મહત્ત્વનો ગુણ છે. વિવેકના અભાવે ધર્મ છીછરો બની ગયો છે. સમાજમાં કેટલીયે ભૂલ ભરેલી માન્યતાઓ, કલ્પનાઓ, જડ રૂઢીઓ અને અનીતિઓ ચાલી આવે છે, જેનાથી સમાજનું સત્ હણાઈ ગયું છે. આપણી વિવેકબુદ્ધિ બંધિયાર બની જવાને કારણે જ આપણે અધર્મ સામે પણ દલીલ કે તર્ક કરતાં અચકાઈએ છીએ. આજનો સંકુચિત ધર્મ માત્ર પોતાની જાત પૂરતું જ સ્વાર્થહિતથી વિચારે છે. આપણા સમાજમાં હાલતા-ચાલતા દૈવ સ્વરૂપ ઇન્સાન કરતાં અંધશ્રદ્ધાની ભ્રાંતિમાં ચાલતા આડંબરો પર વધુ શ્રદ્ધા

રાખીએ છીએ. ધર્મ એ શ્રદ્ધા પર ટકેલો છે. પરંતુ આજે અનેક ઠેકાણે શ્રદ્ધાનો મહિમા તેમજ ખંડન થતું આવે છે. શું શ્રદ્ધેય છે અને શું અશ્રદ્ધેય છે તેના વિશે બુદ્ધિમાન લોકોમાં પણ મતભેદો જોવા મળે છે. આ મતભેદોનો ફાયદો કેટલાક સ્વાર્થી લોકો ઉઠાવી પોતાની ઈચ્છા પ્રમાણે ધર્મનું વતેસર કરી નાખે છે. ધાર્મિક કેળવણી લોકો જલદી સ્વીકારી લે છે, તેનું કારણ પાપપુણ્ય અને સ્વર્ગનરકનો ભય છે. પોતાની ઈચ્છા મુજબ પુણ્ય, પ્રામાણિકતા અને સત્યનો આશરો લે છે અને સ્વાર્થ પૂરો થતા ફરીથી ચેતનહીન બની જાય છે.

"મારે મન ધર્મ એટલે સત્ય અને અહિંસા, અથવા કેવળ સત્ય કહો તોય બસ થાય."(ખરી કેળવણી પૃ. નં. 172) ગાંધીજીએ સત્ય ને જ ધર્મ માન્યો છે. અહિંસા એ સત્યમાં સમાયેલી છે. એટલે સત્ય અને અહિંસાનું પાલન થાય એ ધાર્મિક કેળવણી કહેવાય. વિદ્યાર્થી જે સંપ્રદાયમાં માનતો હોય તે સિવાયના સંપ્રદાયનું સન્માન અને સમાનતાનું જ્ઞાન આપવું એ ધાર્મિક કેળવણી ગણી શકાય. વિદ્યાર્થી દરેક સંપ્રદાય પ્રત્યે ઉદારતા, નિષ્પક્ષભાવ અને આદરભાવ ધરાવે તો એ સાચી ધાર્મિક કેળવણી હોય તથા સમાજ અને દેશનું ઉત્તમ ઘડતર કરી શકે. ગાંધીજીએ ધર્મને સભ્યતાની સાથે સરખાવ્યો છે. આપણે જેમ જીવનમાં બીજા દેશોની સભ્યતા અપનાવી લઈ છીએ તેમ અન્ય ધર્મમાંથી પણ જે યોગ્ય આચારો અને સદગુણો છે તે આપણા જીવનમાં ઉતારવા જોઈએ. આપણા ધર્મમાંથી જે અયોગ્ય અને અનિષ્ટ છે તેને દૂર કરવું જોઈએ.

ગાંધીજીનો સિદ્ધાંત હતો કે 'પ્રચાર એટલે આચાર.' ધર્મનો પ્રચાર કરવા કરતાં તેનું આચરણ જ સમાજ ઘડતરમાં અગત્યનો ફાળો આપે છે. આજે ધર્મ અને ઘડતર એ બે શબ્દો છૂટ પડી ગયા છે. સાચા ધર્મમાં શિક્ષણ અને ધર્મ બંને આવી જાય છે. પરંતુ આજે તો ધર્મથી શિક્ષણ અલગ ચાલે છે અને શિક્ષણથી ઘડતર વેગળું છે. આજે ફાધર વાલેસના શબ્દોમાં કહીએ તો ઘડતર વિના શિક્ષણ આપી શકાય છે અને આ શિક્ષણ તથા ધર્મ શું કરે છે અને શા માટે આપવામાં આવે છે તે તો ઈશ્વરને પણ સમજવું મુશ્કેલ છે. શિક્ષણ વધ્યું છે, તેનાં સાધનો વધ્યાં છે પણ સાચું શિક્ષણ અને ધર્મ મનુષ્યના જનીનમાંથી લુપ્ત થઈ ગયા છે. મહાભારતમાં પણ ભગવાન કૃષ્ણનો રથ અને અર્જુન મેદાનની મધ્યમાં હતા ત્યાં સુધી યુદ્ધ શરૂ થતું નથી. બંને વચ્ચે શાંતિનો સંવાદ થાય છે. આ સંવાદ નષ્ટ થઈ જાય ત્યારે રાગદ્વેષ આવે છે. મનુષ્ય જ્યારે એક બાજુનો પક્ષ લે ત્યારે યુદ્ધના મંડાણ થાય છે.

શિક્ષણનો મુખ્ય આધાર શિક્ષક અને સમાજની માનસિકતા પર રહેલો છે. પરંતુ સમાજની માનસિકતા સુધારવા માટે તો શિક્ષણ જ આપવાનું છે એટલે શિક્ષણનો સંપૂર્ણ આધાર શિક્ષક પર જ આવી પડે છે. ધર્મ તો સાચા શિક્ષણથી દૂર ભાગે છે. શિક્ષક સમાજ સુધારવા હવાતિયાં મારે છે પણ નવા મૂળિયાં પાંગરતા નથી અને સડો જતો નથી. શિક્ષક વ્યવસાયે શિક્ષક નહિ, પણ સ્વભાવે શિક્ષક હોવો જોઈએ. શિક્ષક અર્ક, તર્ક અને સંપર્કવાળો હોય તો તે કેળવણીનો ધર્મ યોગ્ય રીતે સમજી શકે. ઉત્તમ શિક્ષણ આપી શકે. કાકાસાહેબ અને ઉમાશંકર શુદ્ધ અને ઉત્તમ કેળવણી માટે શુદ્ધ ધર્મના આચરણ પર ભાર મૂકે છે જ્યારે કિશોરલાલ મશરૂવાળા ધર્મ અને શિક્ષણ બંનેમાં વિવેકબુદ્ધિને અગત્યની ગણે છે. સુરેશ જોશી તો જે કેળવણી નવું શીખવે, નવવિચાર તરફ દોરી જાય, નવા ભાવિ પડકારોનો સામનો કરવાની શક્તિ આપે તેને જ સાચો ધર્મ ગણે છે.